HOLOCAUST
MEMORIAL DAY TRUST

# પ્રતિબદ્ધતાનું નિવેદન

૧. અમે સ્વીકારીએ છીએ કે હોલોકોસ્ટે આધુનિક માનવ સભ્યતાના પાયા હચમચાવી દીધા છે. તેનો અપૂર્વ પ્રકાર અને આતંક હંમેશાં વિશ્વવ્યાપક અર્થ ધારણ કરશે.

૨. અમે માનીએ છીએ કે આપણા રાષ્ટ્રની સામૂહિક સ્મૃતિમાં મહાવિનાશને કાયમી સ્થાન મળવું જોઈએ. બચી ગયેલા લોકો કે જેઓ હજુ આપણી સાથે છે, તેઓનું અમે સન્માન કરીએ છીએ અને પરસ્પર સમજ અને ન્યાયના આપણાં સહિયારા લક્ષ્યાંકોની પુષ્ટિ કરીએ છીએ.

૩. આપણે ખાતરી કરવી જોઈએ કે ભાવી પેઢીઓ મહાવિનાશના કારણોને સમજે અને તેના પરિણામોનો વિચાર કરે. અમે નાઝી અત્યાચાર અને તમામ જાતિ સંહારનો ભોગ બનેલા લોકોને યાદ રાખવાની પ્રતિજ્ઞા લઈએ છીએ.

૪. જે લોકોએ ભોગ બનેલાઓનું રક્ષણ કરવા કે તેઓને બચાવવા માટે પોતાના જીવ જોખમમાં મૂક્યા તેઓનાં બલિદાનની અમે દુરાચારનો સામનો કરતાં માનવની સારાઈ માટેની ક્ષમતાની કસોટી સ્વરૂપે કદર કરીએ છીએ.

૫. અમે સ્વીકારીએ છીએ કે માનવતા હજુ પણ એવી માન્યતાથી કલંકિત થઈ રહી છે કે જાતિ, ધર્મ, અસમર્થતા અથવા જાતીયતાને લીધે કેટલાક લોકોનું જીવન બીજાઓ કરતાં ઓછું મહત્ત્વપૂર્ણ બની જાય છે. જાતિ સંહાર, યહૂદીઓ પ્રત્યે ધૃણાભાવ, જાતિવાદ, વિદેશીઓ બાબતે તીવ્ર અણગમો અને ભેદભાવ હજુ પ્રવર્તે છે. આ દૂષણો સામે લડવાની આપણી સહિયારી જવાબદારી છે.

૬. અમે મહાવિનાશ અને અન્ય જાતિ સંહાર વિશે શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાના અમારા પ્રયત્નોને સબળ બનાવવાની પ્રતિજ્ઞા કરીએ છીએ. આવી ઘટનાઓના બોધપાઠ સંપૂર્ણપણે શીખવામાં આવે તેની ખાતરી કરવા અમે અમારાથી બનતા બધા પ્રયત્નો કરીશું.

૭. અમે વાર્ષિક UK હોલોકોસ્ટ મેમોરિયલ ડેનું આયોજન કરીને મહાવિનાશની યાદગીરીને પ્રોત્સાહિત કરતા રહીશું. અમે પૂર્વગ્રહ, ભેદભાવ અને જાતિવાદને વખોડીએ છીએ. અમને સ્વતંત્ર, સહિષ્ણુ, અને લોકશાહીવાળા સમાજની કદર છે.